# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૧ તા.૩૦-૦૬-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal પર S.E.B.C.,E.B.C., MINORITY,NTDNT,MOST BACKWORD CLASSES ના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય બાબત (વર્ષ ૨૦૨૧-૨૨)(Website:https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ :- નં.જિ.ના.નિ./વિ.જા./શિ.વૃ./૨૦૨૧-૨૨/૧૮૬૧ જિલ્લા નાયબ નિયામકશ્રી વિકસતી જાતિઓના કલ્યાણની કચેરીનો તા.૦૯-૦૬-૨૦૨૧નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે રાજય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત S.E.B.C.,E.B.C., MINORITY,NTDNT,MOST BACKWORD CLASSESના લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.) થી ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે વિકસતી જાતિઓના કલ્યાણની ખાતાના આ સાથેના પત્રક-અ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં S.E.B.C.,E.B.C.,MINORITY,NTDNT,MOST BACKWORD CLASSESના વિદ્યાર્થીઓ માટે અમલ કરવાનો થાય છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્ત કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ મુજબ કામગીરી કરવાની રહેશે. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ડિજિટલ ગુજરાત પોર્ટલ

અગત્યનું/સમયમર્યાદા

નં.જિ.ના.નિ./વિ.જા./શિ.વૃ/૨૦૨૧-૨૨/૯૬૬૧થી ૯૭૧

જિલ્લા નાયબ નિયામક

વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી,

ઈ-બ્લોક, પહેલો માળ, બહુમાળી ભવન,

મંજુશ્રી મીલ કમ્પાઉન્ડ, ગીરધરનગર,

અસારવા, અમદાવાદ-૩૮૦૦૦૪

ફોન નં.- ૦૭૯-૨૯૭૦૧૧૨૦

E-mail – dydir-ddcw-ahm@gujarat.gov.in

તા. ૦૯/૦૫/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

..........................................................................

..........................................................................

તા. ........................,જિ. ........................

વિષય:-Digital Gujarat Portal પર S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSESના વિદ્યાર્થીઓનીપ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય બાબત (વર્ષ ૨૦૨૧-૨૨) (Website: https://www.digitalgujarat.gov.in)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSESના લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.) થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવેછે.

Digital Gujarat Portal માં હાલ વિકસતી જાતિ કલ્યાણ (Director Developing Caste Welfare) S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSES ના વિદ્યાર્થીઓ માટેની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીકશિષ્યવૃત્તિ/ગણવેશ સહાય સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ૨૦૨૧-૨૨માં S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSESના વિદ્યાર્થીઓ માટે અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે Digital Gujarat Portalમાં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. વર્ષ:૨૦૨૧-૨૨ના શૈક્ષણિક માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબ S.E.B.C., E.B.C., MINORITY,

યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર
NTDNT, MOST BACKWORD CLASSESના વિદ્યાર્થીઓની ... કરવાની રહેશે.વર્ષ ૨૦૨૧-૨૨માં આ
આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન ... કરવામાં આવશે નહિ. જેની તમામ
સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર
શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ Digital Gujarat Portal માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની
તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છતાં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા
વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

તમામ શાળાઓએ અત્રેના વિકસતી જાતિ કલ્યાણ (Director Developing Caste Welfare)
S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSESના વિદ્યાર્થીઓની આ સાથેના
પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર વર્ષ: ૨૦૨૧-૨૨ની ઓનલાઇન દરખાસ્તો આ સાથેના
માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાનીરહેશે. <u>ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક
શાળાઓએયોજનાવારદરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે</u> જરૂર પડ્યે
અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજૂ કરવાની રહેશે.

<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાનામુદ્દા:</u>

૧. વર્ષ: ૨૦૨૧-૨૨ની ઓનલાઇન દરખાસ્ત https://www.digitalgujarat.gov.in મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિનીઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password"Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતનાલોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝરઆઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSES જાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમદ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓનીએન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓટોમેટીક મૂકવામાં આવેલ છે. <u>જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.</u>

વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંકખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જએવા વિદ્યાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલબેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રીપોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબરની મદદથી Postal Payment Bank માં "O" ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલેકે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility → Update Payment Failed Student Account મેનુ પર ક્લીક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account "બટનપરક્લીક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબધિતબેંકનો સંપર્ક કરાવી ખાતુએક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account (If Account / IFSC Code Wrong)" બટન પર ક્લીક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનંમાં વિદ્યાર્થી દેખાતા શરૂઆતથી

૧૨. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ત્રણ વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી Student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Entry કરતી વખતે નાખવાની રહેશે.

૧૩. ચાલુ વર્ષે ધો:૧ થી ધો:૮ના પાત્રતા ધરાવતા S.E.B.C.,E.B.C.,MINORITY,NTDNT, MOST BACKWORD CLASSES નાવિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૪. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ની શાળા અલગ અલગ ચાલતી હોય અને તમામનાડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૫. જો કોઇ શાળા વિદ્યાર્થીની એન્ટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server" એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એન્ટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૬. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં આપના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં User ID / Password આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિદ્યાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇનદરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૭. તમામ શાળાએ (પત્રક – અ) ની નોંધ ને ખાસ ધ્યાને લઈને તે મુજબ શિષ્યવૃતી અંગેની કામગીરી કરવાની રહેશે.

૧૮. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયેડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

૧૯. કોવિડ-૧૯ મહામારી અંતર્ગત વખતો વખત સરકારશ્રીદ્વારા આપવામાં આવેલ સૂચનોને ધ્યાનમાં રાખી ઉક્ત તમામ કામગીરી કરવાની રહેશે.

O/C

Amdavad

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી
અમદાવાદ જિલ્લો, અમદાવાદ

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ)

૨. વર્ષ ૨૦૨૧-૨૨નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક

નકલ રવાના:

૧. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા. ........................ , જિ. અમદાવાદ--/ આપના નિયંત્રણ હેઠળની શાળાને જાણ કરવા સારૂ..

૨. શાસનાધિકારીશ્રી, નવરંગપુરા, અમદાવાદ --/ આપના નિયંત્રણ હેઠળની શાળાને જાણ કરવા સારૂ..

નકલ સવિનય રવાના:

--/નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ....

## Details about the plans to be made online through Digital Gujarat Portal (Roll-A) (પત્રક-અ)

## Social Justice & Empowerment Department

## Director, Developing Caste Welfare, Gujarat State, Gandhinagar

## Plan for Primary / Secondary School

| Sr. No. | Scheme Name | Caste | Standard | Male / Female | Scholarship Rate (Annual) | Uniform Assistance (Annual) | Annual Income Limit | School Details |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | BCK-76-77-85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | S.E.B.C. | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 2 | BCK-76-351-85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | E.B.C. | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 3 | BCK-76 -85<br>Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | Minority | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 4 | BCK-136 - 140<br>Pre. Matric Scholarship (Std. 1 - 8) | NT-DNT | STD- 1 TO 5 | Male / Female | Rs.500/- | Rs.600/- | No Income Limit | Government / Granted Primary School & Ashram Shala |
| | | | STD- 6 TO 8 | Male | Rs.500/- | Rs.600/- | | |
| | | | STD- 6 TO 8 | Female | Rs.750/- | Rs.600/- | | |
| 5 | BCK-97<br>Girls of Std-9 Free Cycle under Sarswati Sadhana Yojana | S.E.B.C.<br>E.B.C. | STD-9 | Female | free Cycle | 00 | Rural<br>Rs.1,20,000/-<br>Urben<br>Rs.1,50,000/- | Government / Granted Secondary School |

નોંધ: આ ખાતાની યોજના અનુક્રમે (૧) **BCK-76 Pre. Matric Scholarship (Std. 9 to 10) (S.E.B.C)** (૨) **BCK-76 Pre. Matric Scholarship (Std. 9 to 10) (E.B.C)** (3) **BCK-76 Pre. Matric Scholarship (Std. 9 to 10) (Minority)** (4) **Dr. Ambedkar Pre. Matric Scholarship (Std. 9 - 10)(NT-DNT)** (5) **BCK-289 Pre. Matric Scholarship for OBC Most Backward Class(Std. 1 - 8) (OBC Most Backward Class)**(6) **BCK-289 Pre. Matric Scholarship for OBC Most Backward Class(Std. 9 to 10) (OBC Most Backward Class)** માં ફેરફાર થાય તેમ હોય આ યોજના થોડા સમય બાદ ઓનલાઇન શરૂ કરવામાં આવશે. (આચાર્યશ્રીઓએ આ યોજનાના વિદ્યાર્થીઓની એંટ્રીની ચકાસણી કરીને રાખવાની રહેશે.)

અન્ય સૂચનાઓ:

૧. વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી  શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.

૨. ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.

૩. તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.

૪. અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫. ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

## નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

### પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૧-૨૨ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓની **Online** દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન-૨૦૨૧ | (૧) ગત વર્ષ ૨૦૨૦-૨૧ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી. (તા:૧૫/૦૬/૨૦૨૧સુધીમાં)<br>(૨) વર્ષ ૨૦૨૧-૨૨ માટે NIC દ્વારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૧૫/૦૬/૨૦૨૧ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા.<br>જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી. | (૧) વર્ષ ૨૦૨૦-૨૧ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજુર કરવી<br>(૨) વર્ષ ૨૦૨૦-૨૧ના કોઇ Payment ના થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બિલો બનાવી વર્ષ ૨૦૨૦-૨૧ની તમામ કામગીરી તા.૨૦/૦૬/૨૦૨૧સધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(3) તમામ શાળાઓને વર્ષ ૨૦૨૧-૨૨નો પરીપત્ર તા:૦૫/૦૬/૨૦૨૧ સુધીમાં મોકલી આપવો. | પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રપોઝલ બનાવવા મુકવા.<br>પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા Digital Gujarat Portal તથા IFMSના બીલોનુ તા:૨૦/૦૬/૨૦૨૧ સુધીમાં રીકન્સીલેશન કરવુ. |
| ૨ | જુલાઇ-૨૦૨૧ | (૧) ધો: ૨ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવીતા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં હાયર ઓથોરીટીને સેન્ડ કરવી.<br>(૨) ધો:૧, ધો:૯ તેમજ બીજા નવા વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૧/૦૭/૨૦૨૦સુધીમાં પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) વર્ષ ૨૦૨૧-૨૨ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી કરવી અનેIFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી. | (૧) જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચૂકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ઇફેક્ટ આપવી. |
| 3 | ઓગસ્ટ – સપ્ટેમ્બર ૨૦૨૧ | બાકી રહેલવર્ષ ૨૦૨૧-૨૨ના નવા વિદ્યાર્થીઓની પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૦૮/૨૦૨૧ સુધી Higषer Autषority ને સેન્ડ કરવી. | (૧) શાળાઓ તરફથી વર્ષ ૨૦૨૧-૨૨ની પ્રલોઝલો જેમ જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી.શાળાઓ સાથે સંકલન કરી તા:૩૧/૦૮/૨૦૨૧સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી. | (૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન કરી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા.<br>(૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (૨) મંજુર કરેલ પ્રપોઝલના બિલો બનાવી Trea ury કચેરીમાં રજુ કરવા.<br>(૩) વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય/ સાયકલ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી જિલ્લા તિજોરીમાં મોકલી આપવા અને તમામ વિદ્યાર્થીઓને તા:૧૫/૦૯/૨૦૨૧સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે **Payment Transaction Fail** થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે **Epayment** થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવીને **Students Entry** કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઇ વિદ્યાર્થીનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીના બેંક ખાતાની વિગત **Student Entry** કરતી વખતે નાખવાની રહેશે.
- પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે **Postal Payment Bank** માં “0” ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં ૩૧-A  તા.૩૦-૦૬-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- Regarding celebration of "Reading Day".

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/ભરતી/૨૦૨૧/૨૪૩-૨૯૫ તા.૨૫-૦૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ-૧૯૯૬ થી ઉજવવામાં આવતા વાંચન દિવસ અને વાંચન અઠવાડીયાના અનુસંધાને વાંચન મિશન-૨૦૨૨નું લોંચીગ કરવામાં આવેલ. માન.વડાપ્રધાનશ્રી દ્વારા ૧૭ જૂન,૨૦૧૭ના રોજ ૨૨મા રાષ્ટ્રીય કક્ષાના વાંચન દિવસ અને વાંચન મહિનાની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતું.

હાલની મહામારીની સ્થિતીમાં, આ વર્ષે આ કાર્યક્રમની ઉજવણી ઓનલાઇન કરવાની રહેશે. વધુમાં કાર્યક્રમમાં કોવિડ એપ્રોપ્રિએટ બિહેવીયર અંગેના વેબિનાર વિગેરે જેવી કોવિડ જાગૃકતા અંગેની પ્રવૃત્તિ કરવાની રહેશે. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને લાયબ્રેરીયનનો પણ સમાવેશ કરવો. જેથી ઓનલાઇન/ઓફલાઇન વાંચનનો વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

ઉકત બાબતો આપની શાળાના તમામ શિક્ષકોને જણાવીને અમલ કરવા માટે જરૂરી સુચના આપવી અને કરેલ કાર્યવાહી અહેવાલ આપની ઝોન કચેરીએ મોકલી આપવાનો રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૬-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

By Email.

ક્માંક: પ્રાશિનિ/ભરતી/2021 /243 – 295
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.તા. 25/06/2021

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- શાસનાધિકારીશ્રી, (તમામ),

વિષય: Regarding Celebration of "Reading Day"

સંદર્ભ : ૧. સામાન્ય વહિવટ વિભાગનો પત્રક્માંક:NO:NIT/102021/GOI-27/J, , તા:૨૨/૦૬/૨૧

૨.શિક્ષણ વિભાગનો પત્રક્માંક: પરચ-૧૨૨૦૨૧/૨૦૯/વ.૨, તા:૨૨/૦૬/૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે વર્ષ-૧૯૯૬ થી ઉજવવામાં આવતા વાંચન દિવસ અને વાંચન અઠવાડીયાના અનુસંધાને વાંચન મિશન-૨૦૨૨ નું લૉચીંગ કરવામાં આવેલ. માન. વડાપ્રધાનશ્રી દ્વારા ૧૭ જૂન ૨૦૧૭ ના રોજ ૨૨ મા રાષ્ટ્રીય કક્ષાના વાંચન દિવસ અને વાંચન મહિનાની ઊજવણીનું આયોજન કરવામાં આવેલ હતું.

હાલની મહામારીની સ્થિતીમાં, આ વર્ષે આ કાર્યક્મની ઊજવણી ઓનલાઇન કરવાની રહેશે. વધુમાં કાર્યક્મમાં કોવિડ એપ્રોપ્રિએટ બિહેવીયર અંગેના વેબિનાર વિગેરે જેવી કોવિડ જાગૃકતા અંગેની પ્રવૃત્તિ કરવાની રહેશે. આ કાર્યક્મમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને લાયબ્રેરીયનનો પણ સમાવેશ કરવો. જેથી ઓનલાઇન/ઑફલાઇન વાંચનનો વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તેવુ આયોજન કરવું .

ઉકત બાબતો આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીને આ અંગે જરૂરી સુચના આપવી અને કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રે મોકલી આપવાનો રહેશે.

મદદનીશ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ : ઉકત સંદર્ભ દર્શિત પત્રો

નકલ રવાના જાણ સારૂ

શ્રી ભગવતસિંહ ગોહિલ સેકશન અધિકારી વ. 2 શાખા શિક્ષણ વિભાગ નવા સચિવાલય ગાંધીનગર

No. NIT/102021/GOI-27/J
General Administration Department,
Planning Division,
Sachivalaya, Gandhinagar.
Date: 17/06/2021

Government of Gujarat

22 JUN 2021
267910

To,
Secretary (Primary & Secondary Education), Education Department,
Sachivalaya, Gandhinagar.

Subject: Regarding celebration of 'Reading Day'

Respected Sir,

Please find a D.O. letter dated 2nd June, 2021 from Adviser, NITI Aayog, New Delhi enclosed herewith.

Vide said letter, it is informed that honoring the father of the 'Library Movement in Kerala', the late Sri. P.N.Panicker; the State Government of Kerala has been celebrating 19th June as the 'Day of Reading' and the following week as the 'Reading Week' since 1996. This initiative commenced in collaboration with P.N.Panicker Foundation, paved the way for the launch of Reading Mission 2022. In furtherance of the lofty objectives of this Mission, Hon'ble Prime Minister inaugurated the 22nd National level Reading Day and Reading Month celebrations at Kochi on 17th June 2017.

In view of the pandemic, the celebration this year will be held online. Further, they will comprise a variety of Covid-awareness related activities including webinars on Covid appropriate behavior. The target Audience is to include School/College students, teachers, faculty members and librarians. It is suggested State may organize similar activities with an enhanced focus on promoting online/offline reading.

It is requested to direct all District Magistrates (DMs) of State to virtually chair District Level Organizing Committees as in earlier years. The DMs may be advised to guide the Reading Mission towards envisioned outcomes by 2022 on the larger interest of children and the nation.

As the subject of letter is related to your department, I am directed to request you to carry out necessary actions in the said matter.

Thanking you!

Yours faithfully,

(M.M.Dabhi)
Deputy Secretary (Planning)
General Administration Department

%Enclosure: As above

3|C.S.

**DR. PREM SINGH**
ADVISER
Tel : 011-23096816
E-mail : prem.bogzi@ias.nic.in

सत्यमेव जयते

भारत सरकार
नीति आयोग, नीति भवन,
संसद मार्ग, नई दिल्ली-110 001
NATIONAL INSTITUTION FOR TRANSFORMING INDIA
NITI Aayog, NITI Bhawan, Parliament Street,
New Delhi - 110 001

D.O. No. P-11057/17/2018-HRD

02nd June, 2021

Dear Madam/Sir,

The National Education Policy (NEP)-2020 has placed renewed emphasis on 'how to read', 'learn to read', 'read to learn' and underscored the critical role played by Public/School/Digital libraries towards this end. The P.N. Panicker Foundation has been a key contributor in this area.

2. Honouring the father of the 'Library Movement in Kerala', the late Sri. P.N Panicker; the State Government of Kerala has been celebrating **19th June as the 'Day of Reading'** and the **following week as the 'Reading Week'** since 1996. This initiative commenced in collaboration with P.N. Panicker Foundation, paved the way for the launch of Reading Mission 2022. In furtherance of the lofty objectives of this Mission, the Hon'ble Prime Minister inaugurated the 22nd National level Reading Day and Reading Month celebrations at Kochi on 17th June 2017.

3. In view of the pandemic, the celebrations this year will be held online. Further, they will comprise a variety of Covid-awareness related activities including webinars on Covid appropriate behaviour. The target audience is to include School/College students, teachers, faculty members and librarians. Your State/UT may organise similar activities with an enhanced focus on promoting online/offline reading.

4. The Reading Mission stands to benefit greatly from your engaged leadership in this regard. May I request you to direct all District Magistrates(DMs) of your State/UT to virtually chair District Level Organising Committees as in earlier years. The DMs may be advised to guide the Reading Mission towards the envisioned outcomes by 2022 in the larger interest of our children and the nation.

With warm regards

Yours sincerely,

(Dr. Prem Singh)

(To All Chief Secretaries of States as per Annexure)

स्वच्छ भारत

ક્રમાંક:-પરચ-૧૨૨૦૨૧/૨૦૯/વ.૨
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૨/૦૬/૨૦૨૧

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી,ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૫) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

વિષય:- Regarding celebration of 'Reading Day'

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૦૬-૨૦૨૧ના પત્ર ક્રમાંક: NO. HIT/102021/GOI-27/Jની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા પત્રમાં જણાવ્યાનુસારની યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(ભગવતસિંહ ગોહિલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:ઉપર

2114
Hed Draft